ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ
કોર્પોરેટ કચેરી, વડોદરા. – ૩૯૦૦૦૭.

| | |
|---|---|
| વિષય | ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ગ્રાહકની ફરિયાદ<br>કેસ નંબર: MG-IV-40-2024-25 |
| ફરિયાદી | શ્રી શંકરભાઈ રામાભાઈ ગઢવી, કુવાવલી ફળી, ગામ: અંતરસુબા, તા. કપડવંજ, જિ: ખેડા. |
| સામાવાળા | શ્રી  સી. જી પટેલ, નાયબ ઇજનેર કપડવંજ વેસ્ટ સબડીવીઝન, એમજીવીસીએલ |
| સુનાવણીની તારીખ | ૨૪.૨.૨૫ અને ૭.૩.૨૫ મ.ગુ.વી.કં.લી., વડી કચેરી, વડોદરા. |
| સુનાવણીનું સ્થળ | મ.ગુ.વી.કં.લી., વડી કચેરી, વડોદરા. |

| ફોરમ | નામ |
|---|---|
| **ચેરપરસન** | શ્રી એસ પી ત્રિવેદી, વડોદરા |
| તાંત્રિક સભ્ય | શ્રી પી સી પટેલ (આરએ એન્ડ સી), કોર્પોરેટ કચેરી, મ.ગુ.વી.કં.લી., વડોદરા |

ફરિયાદીશ્રીની તારીખ ૨૭.૧.૨૫ ના રોજ અરજી ના અનુસંધાને  સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ સ્થાપિત સોલાર પેનલ માં જનરેશન અંગેની ફરિયાદ.

1.0 તા.૨૪.૨.૨૫ અને ૭.૩.૨૫ના રોજ ફરિયાદીની રજુઆત ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સાંભળવામાં આવેલ. જેમાં ફરિયાદી તરફે શ્રી જનકભાઇ ગઢવી હાજર રહેલ અને સામાવાળા તરફે શ્રી  સી.જી પટેલ, નાયબ ઇજનેર કપડવંજ વેસ્ટ સબડીવીઝન, એમજીવીસીએલ. બંનેની રજુઆત સાંભળવામાં આવેલ.

2.0 **ફરિયાદ બાબતે વિગતો નીચે મુજબ છે.**

2.1 ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.એ તારીખ ૨૪.૦૭.૨૦૧૮ ના પરિપત્ર દ્વારા ગુજરાતના ચારે ડિસ્કોમમાં ખેતીવાડી વિજ ગ્રાહકો માટે સૂર્યશક્તિ કિશાન યોજનાની જાહેરાત કરી હતી. તદનુસાર, કપડવંજ પશ્ચિમ પેટા વિભાગીય કચેરી હેઠળ સંદેસર ફીડરના ૧૫ ખેતીવિષયક ગ્રાહકોએ સદર યોજના હેઠળ ભાગ લીધો છે. શ્રી શંકરભાઈ રામાભાઈ ગઢવી એ ૧૫-૦૬-૨૦૧૯ ના રોજ ત્રિપક્ષીય કરાર અને પાવર પરચેઝ એગ્રીમેન્ટ્સ કર્યા હતા.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

2.2 સૂર્યશક્તિ કિસાન યોજનાના (સ્કાય) ધોરણો મુજબ-

i. કૃષિ વીજજોડાણ ધરાવતા ખેડૂતો માટેની યોજના.

ii. ખેડૂતોને તેમના ખેતરમાં સૂર્યશક્તિથી વીજ ઉત્પાદન મેળવવા સોલાર પેનલ આપવામાં આવશે.

iii. સ્કાય ફિડર પર અગાઉ કોઈ પણ ખેડૂતે અરજી નોંધણી કરાવેલ હોય અને યોજનામાં જોડાવા ઇચ્છે, તો તેને તત્કાળ ધોરણે વીજજોડાણ આપવામાં આવશે.

iv. ફિડર પર આવતા બધા ખેડૂતો આ યોજનામાં જોડાય એ વધુ ફાયદાકારક રહેશે.

v. ખેડૂતોએ ઓછામાં ઓછા કુલ ખર્ચની ૫% રકમ ભરપાઈ કરવાની રહેશે.

vi. કેન્દ્ર સરકાર 30% સબસિડી પેટે ચૂકવશે.

vii. રાજય સરકાર 30% વધારાની સબસિડી પેટે ચૂકવશે, જે માટે રાજય સરકાર દ્વારા લોન લેવામાં આવશે અને જે લોનની પરત ચુકવણી સરકાર દ્વારા વધારાના આપવામાં આવતા રૂ. ૩.૫૦ પ્રતિ યુનિટ (EBI – ૧૦૦૦ યુનિટ પ્રતિ KW પ્રતિ વર્ષની મર્યાદામાં) પ્રમાણે ખેડૂત દ્વારા વધારાની વીજળીના વેચાણ દ્વારા ચૂકવવામાં આવશે.

viii. ખેડૂત વતી રાજય સરકાર બાકીના ૩૫% ની રકમ સસ્તા વ્યાજની લોન પેટે લેશે. જેની પરત ચુકવણી ખેડૂત દ્વારા વીજ વિતરણ કંપનીને રૂ. ૩.૫૦ પ્રતિ યુનિટથી વેચવામાં આવતી વધારાની વીજળીમાંથી ચૂકવવામાં આવશે.

ix. લોનનો સમયગાળો ૭ (સાત) વર્ષનો રહેશે.

x. વીજળીનું જે ઉત્પાદન થાય અને વપરાશ કર્યા બાદ જે યુનિટ ગ્રીડમાં આવે તે યુનિટ દીઠ પહેલા સાત વર્ષ માટે રૂ. ૭/- પ્રતિ યુનિટ (મુદ્દા નંબર vii અને viii પ્રમાણે) ચૂકવવામાં આવશે અને ત્યાર બાદ ૧૮ વર્ષ સુધી રૂ ૩.૫ /- પ્રતિ યુનિટ ચૂકવવામાં આવશે. ઉપરોક્ત કુલ રકમ માથી લોનનો હપ્તો ભરપાઈ થયા બાદ જે બચત થશે તે ખેડૂતના ખાતામાં વર્ષના અંતે સીધી જમા કરવામાં આવશે.

xi. સ્કાય ફીડર ઉપર દિવસે આશરે ૧૨ કલાક વીજળી મળશે, પરંતુ જે ખેડૂત આ યોજનામાં નહી જોડાય તેને ૮ કલાક વીજ પુરવઠો મળશે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

2.3 સંદેસર એજી ફીડરના ૧૫ કૃષિ વીજ ગ્રાહકોને સોલાર પીવી સિસ્ટમ પૂરી પાડવા માટે 5 kW (AC) થી 150 kW (AC) ક્ષમતાના વિતરિત ગ્રીડ સાથે જોડાયેલા સોલર પી.વી. પ્લાન્ટની ૭ વર્ષ માટે ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ, કમિશનિંગ અને વ્યાપક જાળવણી માટે MGVCL/PP/DSM/PG-SKY/Solex/ 4761 તા ૦૫.૧૧.૨૦૧૮ ના આદેશ દ્વારા M/s સોલેક્સ એનર્જિ લિમિટેડ ની નિમણૂક કરવામાં આવી હતી.

3.0 ફરિયાદીના પ્રતિનિધિએ રજૂઆત કરી હતી કે –

(૧)... અમો ફરિયાદી ઉપરોકત જણાવેલ સરનામે રહીએ છીએ અને ખેતી કરી અમારા કુટુંબનું જીવન ગુજરાત ચલાવીએ છીએ. અને હાલ અમો સિનીયર સીટીઝન છીએ.

(૨)...આ કામના સામાવાળા નં.. (૧) (નાયબ ઈજનેર શ્રી કપડવંજ વેસ્ટ સબ ડિવિજન) વીજળીનું ઉત્પાદન કરી તેનું વેચાણ કરવાનું કામ કાજ કરે છે. અને સામાવાળા નં.(૨) (સોલેક્સ એનર્જિ લિમિટેડ) નાઓ સોલાર પેનલ બનાવે છે. અને વેચાણ કરવાનું કામ કાજ કરે છે.

(૩)... અમો અરજદારે સૂર્યશકિત કિશાન યોજના હેઠળ ફોર્મ ભરેલ અને અમારા ખેતરમાં સોલાર સિસ્ટમ સામાવાળા નં.(૨) પાસે થી લગાડાવેલ અને તે 30% સબસીડીવાળી હતી. અને તે અંગેની જરૂરી કાર્યવાહી પણ સામાવાળા નં.(૧) ની મધ્ય ગુજરાત વિજ કંપની તરફથી કરવામાં આવેલ.

(૪)...સામાવાળા નં.(૨) કંપનીની જે સોલાર સિસ્ટમ લગાડેલ જેનો ૭.૫ એચપીમાં લોડ હતું અને જેની કે.ડબલ્યુ માં ગ્રીડ જોડાયેલ સૌર પીવી ક્ષમતા ૯ કે.ડબલ્યુ. છે.

(૫)...ત્યારબાદ શરૂઆતમાં આ સોલાર સિસ્ટમ સારી રીતે ચાલતી હતી અને ત્યારબાદ સોલાર સિસ્ટમમાં બરાબર ન ચાલતા જેથી અમો અરજદારે સામાવાળા નં.(૨) ની કંપનીને જાણ કરેલ તો તેઓએ ચકાસણી કરી અવાર- નવાર સામાવાળા નં.(૨) એ દરેક વખતે જણાવેલ કે, તમારે મધ્ય ગુજરાત વિજ કંપનીનો સંપર્ક

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

કરવો પડશે અને તેમની ડી.પી.માં ખામી છે તેમ જણાવેલ જેથી અમો અરજદારે સામાવાળા નં.(૧) ને જાણ કરેલ અને ત્યારબાદ ડી.પી. પણ બદલાવેલી.

(૬)... પરંતુ ત્યારબાદ પણ સોલાર સિસ્ટમ સારી રીતે ચાલેલ નહી જેથી સામાવાળા નં.(૨) કંપનીને જાણ કરતાં તેઓએ જણાવેલ કે, લોડ પુરતો મળતો નથી. અને તમારા વિજ વાયરોમાં વૃક્ષો નડતાં હોઈ જેથી અમો અરજદારે અવાર –નવાર વૃક્ષો પણ કપાવેલ અને ત્યારબાદ સમવાલ નં.(૧) એના કહેલ હોઇ જેથી તે સોલાર ડી.સી. બતાવેલ છે.

(૭)... આમ, ઉપરોક્ત હકીકત હોવા છતાં અને અવાર-નવાર સામાવાળા નં.(૧), (૨) નાઓએ પોતાની ગ્રાહક પ્રત્યેની ફરજ નિભાવવામાં ભૂલ કરેલી છે. જેથી અમારે આ ફરિયાદ કરવાની જરૂર ઊભી થયેલી છે.

(૮)...વધુમાં સદરહું કામના સામાવાળા નં.(૨) નાએ જે સોલાર સિસ્ટમ અમોને આપેલી તે પણ ખામી યુક્ત હતી તેમજ સામાવાળા નં.(૧) ના મધ્ય ગુજરાત વિજ કંપની લીમાં અમારા સોલાર ધ્વારા વિજ ઉત્પન્ન થતું હતું તે પણ યોગ્ય રીતે અમોને વળતર પૂરી પડાવતા નથી. અને વર્ષમાં ૧ વર્ષમાં બિલ આવે છે.

(૯)...આમ, નં.(૧) નાએ પાછળથી ખોટી રિતેનું વિજ બિલ ઉધારી અમોને ખોટી રીતે વિજ બિલ આપેલ છે અને તે આધારે અમોએ સામાવાળા નં.(૧) ની કચેરીમાં ભરેલ અને ત્યારબાદ બીજી વાર ફરીથી અમારા નામનું માતબર રકમનું બિલ બનાવી અમોને આપેલ જેથી અમો અરજદારે આ અંગે તપાસ કરતાં સામાવાળા નં.(૧)નાઓ અમોને કોઈ સાચી માહિતી આપતા નથી. અને સામાવાળા નં.(૨) ઉપર ઢોળે છે અને જણાવેછે કે, તમારે સોલાર કંપનીમાં મળવાનું અને અમો અરજદાર સામાવાળા નં.(૨) ની સોલાર કંપનીના માણસોને જનાવીએ છીએ તો તેઓ પણ કાઈ સીધો જવાબ આપતા નથી.

(૧૦)...આમ, બન્ને સામાવાળાઓએ અંદરો અંદર મળી અમોને સામાવાળા નં.(૨) ની કંપનીનું સોલાર સિસ્ટમ લાગાવી અને તે પણ ખામી યુક્ત હોઈ અને સામાવાળા નં.(૧) વિજ કંપનીએ પણ અમોને કોઈ સીધો જવાબ આપતા નથી. અને

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

અમોને માતબર રકમોનું બિલ આપે છે. જેથી આ કામના સામાવાળા નં.(૧) નાએ અમોને ખોટી રિતેની નોટીસ પણ આપેલી છે. આમ, સામાવાળા નં.(૧) નાઓએ પણ પોતાની સેવામાં ખામી દર્શાવેલ હોઈ જેથી બન્ને સામાવાળાઓ

(૧૧)... સદરહું ફરિયાદ કરવાનું કારણ:- અમો ફરિયાદીએ સામાવાળા નં.(૨) ની કંપનીની સોલાર સિસ્ટમ લાગવી અને ત્યારબાદ તેમાં ખામી સર્જાતા સામાવાળા નં.(૨) ને આ અંગ પૂછતાં તેઓએ સામાવાળા નં.(૧) ની ભૂલ હોવાનું જણાવેલ અને સામાવાળા નં.(૧) ને અવાર-નવાર આ અંગે રજૂઆતો કરતા સામાવાળા નં.સ (૨) ની ભૂલ હોવાનું જણાવી સમય વિતારવી રાખેલછે અને સામાવાળા નં.(૧) નાઓ માતબર રકમોના બિલો અમારા નામે આપે છે અને પાછળથી ખોટી નોટિસ ફરિયાદીને આપેલ હોઈ જેથી સામાવાળા નં.(૧),(૨) નાઓએ પોતાની ગ્રાહક પ્રત્યેની સેવામાં ખામી દર્શાવેલ હોઈ જેથી આ ફરિયાદ કરવાની જરૂર પડી છે.

(૧૧)... આ સાથે સામાવાળાને આપવાની નકલો, પુરાવાનું લિસ્ટ સામેલ છે.

(૧૨) સબબ આ ફરિયાદ કરી અરજ કરવાની કે:-

(એ) અમો ફરિયાદીએ સામાવાળા નં.(૨) પાસેથી સોલાર સિસ્ટમ લીધેલ હોય અને તે ખામીયુક્ત આપેલ હોઈ જેથી સામાવાળા નં. (૨) પાસેથી અમો ફરિયાદીને થયેલ નુકશાન વળતર રૂ.૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરા ચુકવવા જવાબદાર હોવાનું ઠરાવી સદરહુ તમામ રકમ અમોને અરજી તારીખથી ૧૮% ના વ્યાજ સહિત ચુકવી આપે તેવા હુકમ કરવા અરજ છે.

4.0 પ્રતિવાદી - નાયબ ઇજનેર, કપડવંજ વેસ્ટ પેટા વિભાગીય કચેરી, MGVCL એ ફરિયાદી નાં મુદ્દાઓ સામે નીચે મુજબ રજુઆત કરેલ છે.

મુદ્દા નંબર -3 - ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક SLR/11/2016/2284/B1 તા ૨૭/૦૬/૨૦૧૮ મુજબ સોલર પ્લાંટની ૫%

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

રકમ ભરપાઈ કરવાથી 30% સબસિડી સીધેસીધી મળવા પાત્ર હતી જે સદર સ્કાય યોજનાના તમામ વીજ ગ્રાહકોને આપવામાં આવેલ છે.

મુદ્દા નંબર ૪ - ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક SLR/11/2016/2284/B1 તા ૨૭/૦૬/૨૦૧૮ મુજબ ખેડૂત ના કરરીત વીજ ભાર કરતાં ૧.૨૫ ઘણું વધારે સોલર ક્ષમતાની પ્લેટો લગાવવાની હતી તે ગ્રાહક દ્વારા લગાવડાવેલ છે.

મુદ્દા નંબર ૫ –સદર ગ્રાહકનું ખેતર નદી કિનારે આવેલ છે સદર ગ્રાહકનું વીજ જોડાણ સંદેશર મેન લાઇનથી આશરે ૧.૪ કી.મી. દૂર આવેલ છે અને સદર ટેપ લાઇન ઉપર ફક્ત સદર સ્કાય ગ્રાહક અને એક નોન સ્કાય આવેલ છે. સદર સ્કાય ગ્રાહક સ્કાય યોજનામાં જોડાયા ત્યાર બાદ શરૂઆતમાં ડી.ઓ. માં ખામી સર્જાયેલ તે અત્રેની કચેરી દ્વારા સદર ખામી દૂર કરેલ હતી તેમજ વખતો વખત સંદેસર ફિડર ના સમારકામ કરવામાં આવેલ છે. પરંતુ ગ્રાહક દ્વારા જણાવેલ કે ડીપી બદલવામાં આવેલ છે તે બાબતે અત્રેની કચેરી ખાતે ટ્રાન્સફોર્મર બદલેલ હોય તેવો કોઈ રેકોર્ડ માલૂમ પડેલ નથી.

મુદ્દા નંબર ૬ –સદર ગ્રાહકનું ખેતર નદી કિનારે આવેલ છે તેમજ ખેતરની બાજુમાથી નદીની રેતી લઈ જતાં મોટા ટ્રકો નું સતત આવન જાવન હોવાથી સદર ગ્રાહકની સોલાર પ્લેટો ઉપર ઊડતી ધૂળના થર પડેલ હોય છે તેમજ સોલર પ્લેટો ઉપર ઝાડી ઝાંખરાં ના કારણે પ્લેટો ઉપર પૂરતો સૂર્ય પ્રકાશ પડતો ના હોવાથી સદર બાબતે ગ્રાહકને જાણ કરવા છતાં ગ્રાહક દ્વારા સદર પ્લેટોની સાર સંભાળ બાબતે નિષ્કાળજી રાખેલ છે. જેથી ગ્રાહકના હિતમાં જે કામ ગ્રાહકે કરવાનું છે તે કામગિરિ કરવા અત્રેની કચેરીથી માર્ચ ૨૦૨૩માં સ્ટાફ મોકલી સદર સ્કાય ગ્રાહક ની સોલર પ્લેટો સાફ કરાવેલ હતી. તેમજ સમારકામ દરમ્યાન પ્લેટો ઉપર નડતાં ઝાડી ઝાખરા પણ કપાવેલ હતા.

મુદ્દા નંબર ૭ –ગ્રાહક દ્વારા કરેલ સદર મુદ્દાની ફરિયાદ માં ઉપરોક્ત મુદ્દામાં જણાવ્યા પ્રમાણે એમજીવીસીએલ દ્વારા નિભાવવાની ફરજો ઉપરાંત ગ્રાહક હિતનું ધ્યાન રાખીને જે કામ ગ્રાહકે કરવાનું થતું હતું તે પ્લેટોની સાફસફાઇ અને પ્લેટો ઉપર પડતાં અને નડતાં

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

ઝાડી ઝાખરાના પડછાયા ને પણ અત્રેની કચેરીના સ્ટાફ પાસે સદર કામગીરી કરાવેલ છે જેથી કહી શકાય કે સદર મુદ્દામાં એમજીવીસીએલ ઉપર કરેલ ફરિયાદ પાયા વિહોણી છે.

મુદ્દા નંબર – ૮ સોલર પ્લાંટની ખામી અને તેના નિયત સમયમાં સોલર એજન્સી દ્વારા નિરાકરણ આવેલ ના હોય ત્યારે એજન્સી ઉપર પેનલ્ટી ચાર્જ લગાવીને તે રકમ ગ્રાહકના ખાતામાં જમા કરવાં આવે છે. સદર ગ્રાહકમાં પણ તા ૦૨/૦૯/૨૦૨૨ ના રોજ ૪૭૦૭.૨૬/- રૂપિયા એજન્સી ઉપર પેનલ્ટી લગાવીને તે રકમ ફરિયાદી ના ખાતામાં જમા આપવામાં આવેલ છે.

સ્કાય યોજનામાં રાજ્ય સરકારશ્રી અને જીયુવીએનએલ ના નિયમાનુસાર વીજ વપરાશ અને વીજ ઉત્પાદન અને તેના વેચાણ અંગેનો હિસાબ વાર્ષિક એપ્રિલ થી માર્ચ મહિના પ્રમાણે થતો હોય છે. જેમાં વર્ષ દરમ્યાન ની સંપૂર્ણ માહિતી વાર્ષિક વીજ બિલમાં સ્પષ્ટ ગુજરાતી ભાષામાં આપવામાં આવેલ છે.

મુદ્દા નંબર ૯- વાર્ષિક હિસાબ, ગ્રાહક દ્વારા કરવામાં આવેલ વીજ વપરાશ, ઉત્પાદન અને વેચાણ તેમજ સોલર પ્લાન્ટ સ્થાપિત કરવા લીધેલ લોન ના હપ્તાની રકમની ગણતરી કરીને દર્શાવવામાં આવેલ છે. વર્ષ 2019 થી માર્ચ 2024 સુધીમાં લોન ના હપ્તા પેટે કુલ ૨૬૩૨૨૮/- ની રકમ ભરપાઈ કરવાની થાય છે જે પૈકી વેચેલ વીજળી ની ગણતરી કરતાં સદર ગ્રાહક પાસેથી માર્ચ'૨૦૨૪ ની સ્થિતિએ ભરપાઈ કરવા પાત્ર રકમ ફક્ત રૂ. ૩૭૭૦૨.૨૧ થાય છે.

મુદ્દા નંબર ૧૦- ગ્રાહક દ્વારા સદર યોજનાના નિયમ મુજબ કરેલ દ્વિપક્ષીય કરાર

-અનુક્રમ નંબર ૫ (b) અને (c) મુજબ ફરિયાદી દ્વારા સોલર પેનલની ખરીદી કરવા અનુક્રમે ૩૦% અને ૩૫% લોન કરેલ જે ચુકાવવા પાત્ર થાય છે.

-અનુક્રમ નંબર ૧૦ (vi) અને (vii) મુજબ બાકી પડતી રકમ જે ખરીદ કરેલ સોલર સિસ્ટમ ઉપર લીધેલ લોન ના હપ્તાની રકમ ફરિયાદી દ્વારા ભરપાઈ કરવાની થાય છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

જે મુજબ વર્ષના અંતે બાકી રહેતી લોન ની રકમ ભરપાઈ ના કરી કરેલ દ્વિપક્ષીય કરારનો ભંગ થતો હોય સામાવાળા દ્વારા બાકી પડતી રકમ ભરપાઈ કરવા નોટિશ આપવાની ફરજ પડેલ છે.

મુદ્દા નંબર ૧૧ – સદર ગ્રાહક ના વારંવાર કરવામાં આવતા સ્થળ પરીક્ષણ વખતે સદર ગ્રાહકના ખેતરમાં કોઈ વ્યક્તિ હાજર જોવા મળતું નથી. જ્યારે સ્થળ ઉપર તપાસ કરતાં સોલર પ્લાંટમાં ખામી હોય તેવું જણાઈ આવેલ ત્યારે સોલેક્સ એજન્સી ને સદર બાબતે લેખિતમાં તેમજ ઈમેલ થી જાણ કરવામાં આવેલ છે.

વધુમાં સદર ગ્રાહક દ્વારા કરેલ રજુઆતના મુદ્દા નંબર ૩,૪ અને ૫ માં જણાવ્યા પ્રમાણે એમજીવીસીએલ દ્વારા તેના કાર્યક્ષેત્રમાં આવતું તમામ કામ યોગ્ય રીતે પૂર્ણ કરી ગ્રાહકને વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલો જ છે. જે સદર મુદ્દામાં ગ્રાહક દ્વારા પણ સ્વીકાર કરવામાં આવેલ છે.

સોલર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા પ્લાન્ટના સીયુએફ ઉપર આધારિત છે. જેવાકે

1. સોલર રેડીએશન આવેલીબિલિટી
2. દિવસ દરમ્યાન સૂર્ય પ્રકાશ
3. મીટર કન્સોલથી ઇનવરતર સુધીના કેબલની લંબાઈ
4. સોલર પેનલની સાફ સફાઈ
5. સોલાર પેનલ પર ઝાડ કે અન્ય પડછાયો
6. પાવર સપ્લાયની આવેલેબીલીટી
7. સોલર પ્લાન્ટની કાર્યદક્ષતા

જે પૈકી દર માસે સ્થળ તપાસની કરતાં પેનલોની સાફ સફાઈ ન થયેલી હોય તેવું જણાઈ આવે છે તેમજ સદર ગ્રાહકના સ્થળ તપાસ દરમ્યાન ગ્રાહક કે ગ્રાહકના પ્રતિનિધિ કોઈ પણ દિવસ હાજર જોવા મળેલ નથી, સદર ગ્રાહકનું ખેતર નદી કિનારા પાસે આવેલ છે અને ખેતરને અડીને જતાં રસ્તા ઉપર નદીની રેતી ભરીને

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

ટ્રકો નિયમિત ચાલતી હોવાના કારણે સદર ગ્રાહકની સોલર પેનલ ઉપર રસ્તા ઉપરની ઊડતી ધૂળ ખુબજ લાગેલી હોય છે જે બાબતે સદર ગ્રાહકને સોલર પ્લેટની સાફસફાઇ કરવા વારંવાર સૂચનાઓ આપવામાં આવેલ હોવા છતાં સદર સોલર પ્લેટોની કોઈ પણ જાતની દેખભાળ ગ્રાહક દ્વારા લેવાતી હોય તેવું જોવા મળેલ નથી. જે સીધે સીધું સોલર વીજ ઉત્પાદન ઉપર અસર કરી રહેલ છે.

આમ ફરિયાદીને પૂરે પૂરી ગુણવત્તા વાળો વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ છે.

5.0 સદર ફરિયાદ મા ફોરમનુ નિરીક્ષણ નીચે મુજબ છે,

5.1 ફરિયાદી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ દ્વારા જારી કરાયેલા પરિપત્રો ના આધારે અને કરારો દ્વારા જાહેર કરાયેલ નિયમો અને શરતોને સ્વીકારીને સૂર્ય શક્તિ કિશાન યોજનામાં જોડાયા છે.

5.2 ફરિયાદી, શ્રી શંકરભાઈ રામાભાઈ ગઢવી એ ૧૫-૦૬-૨૦૧૯ ના રોજ ત્રિપક્ષીય કરાર અને પાવર પરચેઝ એગ્રીમેન્ટ્સ કર્યા છે.

5.3 સોલર પેનલ ઉપર રસ્તા ઉપરની ઊડતી ધૂળ ખુબજ લાગેલી હોય છે જે બાબતે ફરિયાદીને સોલર પ્લેટની સાફસફાઇ કરવા વારંવાર સૂચનાઓ આપવામાં આવેલ હોવા છતાં સદર સોલર પ્લેટોની કોઈ પણ જાતની દેખભાળ લેવાતી હોય તેવું જોવા મળેલ નથી. જે સીધે સીધું સોલર વીજ ઉત્પાદન ઉપર અસર કરી રહેલ છે

5.4 સામાવાળા દ્વારા સમયાંતરે સમારકામ હાથ ધરવામાં આવેલ છે.

5.5 વાર્ષિક હિસાબ મુજબ, ફરિયાદી દ્વારા કરવામાં આવેલ વીજ વપરાશ, ઉત્પાદન અને વેચાણ તેમજ સોલર પ્લાન્ટ સ્થાપિત કરવા લીધેલ લોન ના હપ્તાની રકમની માર્ચ'૨૦૨૪ સુધી ના કુલ ૩૭૭૦૨.૨૧ ભરપાઈ કરવાના થાય છે.

## હુકમ

6.0 ફોરમ નિર્ણય પર આવે છે કે –

6.1 સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ ફરિયાદીનું બિલિંગ GUVNL દ્વારા જારી કરાયેલ યોજનાના પરિપત્રોની શરતો અને નિયમ અનુસાર કરવામાં આવી રહ્યું છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

6.2 પ્રતિવાદી, કપડવંજ સબડિવિઝન સ્થળ તપાસ ફરિયાદીની હાજરીમાં કરી ને જરૂરી મરામત અંગે કાર્યવાહી કરસે અને સોલર ઉપકરણમાં કોઈ ખામી ની જાણ

થાય તે બાબતની જાણ સોલર એજન્સી ને કરી અને તેનું નિયમ અનુસાર નિરાકરણ કરશે જેથી મહત્તમ સોલર વીજ ઉત્પાદન થાય.

પ્રતિવાદીને પંદર દિવસમાં આ ફોરમમાં કરેલ કાર્યવાહી ની જાણ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે.

6.3 ફરિયાદી નિયમિત સોલર પ્લેટની સાફસફાઇ કરશે અને દેખભાળ રાખશે જેથી સોલર વીજ ઉત્પાદન બરાબર થાય.

6.4 ફરિયાદી દ્વારા સોલર પ્લાન્ટ સ્થાપિત કરવા લીધેલ લોન ના હપ્તાની રકમની માર્ચ'૨૦૨૪ સુધી ના કુલ ૬૮૧૬૪.૦૧ ભરપાઈ કરવાના થાય છે, જે નિયમિત પણે ભરવા જણાવવામાં આવે છે.

(પી સી પટેલ)
તાંત્રિક સભ્ય

SPTrivedi
(એસ પી ત્રિવેદી)
ચેરપરસન

*નોંધ:*

**જો ફરિયાદી આ ફોરમના આદેશથી સંતુષ્ટ ન હોય, તો ફરિયાદી પક્ષકારને જારી કરાયેલ બિલની ઓછામાં ઓછી 33% રકમની ચુકવણી કર્યા પછી જ લોકપાલનો સંપર્ક કરી શકે છે. લોકપાલનું કાર્યાલયનું સરનામું છેઃ સ્ટાફ ઓફિસર, વિદ્યુત લોકપાલની કચેરી, ગુજરાત વિદ્યુત નિયમન પંચ, બેરેક નં.3, પોલીટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ 380 015 GERC સૂચના નંબરના ક્લોઝ નં.3.19 (viii) અનુસાર 2019 ના .2.**

લોકપાલ સમક્ષ રજૂઆતો કરવાની કાર્યવાહી-

1. પ્રતિનિધિત્વ ફરિયાદી દ્વારા તેના નામ અને સરનામા સાથે યોગ્ય રીતે સહી કરેલ લેખિતમાં હોવું જોઈએ.
2. એફિડેવિટ સાથે પ્રતિનિધિત્વનું સમર્થન હોવું જોઈએ.
3. ફોરમના ઓર્ડરની સાચી નકલ અને ફોરમ સમક્ષ કરેલી અસલ ફરિયાદ જોડવી જોઈએ. બંધ દસ્તાવેજો મૂળ દસ્તાવેજોની પ્રમાણિત નકલો હોવા જોઈએ.
4. ફોરમના ઓર્ડરની સાચી નકલ અને ફોરમ સમક્ષ કરેલી અસલ ફરિયાદ જોડવી જોઈએ. બંધ દસ્તાવેજો મૂળ દસ્તાવેજોની પ્રમાણિત નકલો હોવા જોઈએ

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

5. લોકપાલ સમક્ષ રજૂઆત ફોરમના આદેશની તારીખથી 30 દિવસની અંદર સબમિટ કરવી જોઈએ
6. પ્રતિનિધિત્વની નકલ લોકપાલની કચેરીમાં સબમિટ કરવાની રહેશે. રજૂઆતની નકલ તમામ ઉત્તરદાતાઓને સબમિટ કરવી જોઈએ.
7. જો ફરિયાદીએ ફોરમના આદેશ અનુસાર કોઈપણ રકમ ચૂકવવાની જરૂર હોય, તો આવી રકમનો એક તૃતિયાંશ ભાગ ફરિયાદીએ જમા કરાવવો જોઈએ અને રજૂઆત સાથે પુરાવાઓ જોડવાના રહેશે.
8. સક્ષમ ફોરમ અથવા અન્ય કોર્ટ, ટ્રિબ્યુનલ, આર્બિટ્રેટર અથવા અન્ય કોઈ સત્તા સમક્ષ આ બાબત પેન્ડિંગ હોવી જોઈએ નહીં.
9. તમામ રજૂઆતો પર્યાપ્ત કારણ સાથે હોવી જોઈએ, વાજબી ખંતથી ગ્રાહકને પ્રથમ દૃષ્ટિએ નુકસાન અને નુકસાન/અસુવિધા થાય.
10. પ્રતિનિધિત્વ અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં સબમિટ કરી શકાય છે

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM
MGVCL